ટેલ ઓફ ઓરીગ્સ

નોબલ નોએલ

બુક - ૨

ત્રિમંત્ર

નમો વીતરાગાય
નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવઝ્ઝાયાણં
નમો લોએ સવ્વસાહૂણં
એસો પંચ નમુક્કારો;
સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં; પઢમં હવઈ મંગલં
ઉઁ નમો ભગવતે વાસુદેવાય
ઉઁ નમઃ શિવાય
જય સચ્ચિદાનંદ

પ્રકાશક:

મહાવિદેહ ફાઉન્ડેશન

૫, મમતાપાર્ક સોસાયટી, નવગુજરાત કોલેજની પાછળ

ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૪, ગુજરાત, ભારત.

ફોન: (૦૭૯) ૨૭૫૪૦૪૦૮.

E-mail: info@dadabhagwan.org

Website: www.dadabhagwan.org

©: All Rights Reserved – Mahavideh Foundation

Address as above

મુદ્રક:

મહાવિદેહ ફાઉન્ડેશન

B – ૯૯, ઇલેક્ટ્રોનિક જી.આઇ.ડી.સી., K- ૬, સેક્ટર – ૨૫, ગાંધીનગર

ગુજરાત (ભારત) ફોન: (૦૭૯) ૩૯૮૩૦૩૪૧ / ૪૨

પ્રાપ્તિ સ્થાન:

ત્રિમંદિર, સીમંધર સીટી, અમદાવાદ કલોલ હાઇવે,

અડાલજ, જી. ગાંધીનગર – ૩૮૨૪૨૧. ગુજરાત, ભારત.

ફોન: (૦૭૯) ૩૯૮૩૦૧૦૦, ૩૯૮૩૦૦૩૪

E-mail: balvignan@dadabhagwan.org

Available on online store : https://store.dadabhagwan.org/

Website: kids.dadabhagwan.org

પહેલી આવૃત્તિ : ૩૦૦૦ કોપી, નવેમ્બર : ૨૦૧૭

મુલ્ય: ₹ ૬૦/- *(૩ બુકનો સેટ)*

નોબલ નોએલ

બુક - ૨

ઓરીંગ્ટન શહેરની એક ખુશનુમા સવારની વાત છે. રસ્તા પર એક નાનકડો સુંદર ઓરીગ ચાલતો હતો, જેને બધા નોબલ નોએલ (ઉદાર નોએલ)થી ઓળખતા હતા. આ ઓરીગ ઉદાર અને બધાની કાળજી રાખે તેવો હતો. ભૂરી આંખો અને સોનેરી વાળવાળો આ ઓરીગ હંમેશા આનંદમાં જ દેખાતો. એ સ્કુલે જઈ રહ્યો હતો.

રસ્તામાં એને એના ક્લાસમાં ભણતી સલ્કી વલ્કી (રીસાળ વલ્કી) મળી. એ ઉદાસ દેખાતી હતી. "શું થયું ?" નોએલે પૂછ્યું.

"મારો બાર્ની ખોવાઈ ગયો છે. મને એમ કે એ મારી બેગમાં જ છે પણ જ્યારે મેં બેગ ખોલી ત્યારે, એ એમાં નહોતો." સલ્કી વલ્કી એક દુબળી પાતળી ઓરીગ હતી. તેના વાળ ઘટ્ટ, ચહેરો ત્રિકોણ અને આંખો લીલા રંગની હતી.

"આ બાર્ની કોણ છે?" નોએલે પૂછ્યું.

"મારું પ્રિય ટેડી બેર." સલ્કી વલ્કીએ ડૂસકાં ભરતા કહ્યું.

"રડ નહીં વલ્કી, હું એને શોધવામાં તારી મદદ કરીશ." નોએલે તેને થાબડતા કહ્યું.

અને બંને ઓરીગ નાના ટેડી બેરને શોધવા લાગ્યા. તેમણે રસ્તા પરની કચરાપેટીમાં, આસપાસની દુકાનોમાં અને રસ્તે આવતા જતાં લોકોમાં તેની તપાસ કરી પણ ટેડી બેર ક્યાંય મળ્યું નહીં.

"હવે આપણે પછી શોધીએ તો ? નહીં તો આપણને સ્કુલે પહોંચવામાં મોડું થઈ જશે." ટાઈમ જોઈને નોએલે કહ્યું.

સલ્કી વલ્કી એટલી ઉદાસ હતી કે તેને સ્કુલે જવાની કોઈ ઈચ્છા નહોતી, છતાં તે નોએલ સાથે સ્કુલે ગઈ.



બંને ક્લાસમાં પહોંચ્યા ત્યારે મિસ પીકાબુ ક્લાસમાં આવી ગયા હતા. બંનેને જોઈ મેડમે એમના જાડા કાચના ચશ્મા ઊંચે ચડાવી બોલ્યા, "કેટલા વાગ્યા છે?"

"સોરી મેડમ, અમને મોડું થઈ ગયું," નોએલે માફી માંગતા કહ્યું.

"મારું ટેડી બેર ખોવાઈ ગયું છે, એને અમે શોધતા હતા!" સલ્કી વલ્કી વચ્ચે જ બોલી. બોલતા બોલતા એ રડી પડી. એને જોઈ મિસ પીકાબુ થોડા શાંત પડ્યા.

"રડ નહીં, તારું ટેડી બેર મળી જશે. સ્કૂલ પૂરી થાય પછી અમે બધા એને શોધવામાં તારી મદદ કરીશું." મિસ પીકાબુએ એને શાંત કરી.

"સાચે?" સલ્કી વલ્કી આનંદમાં આવી ગઈ. "થેન્ક યુ સો મચ મેડમ!" અને એણે સલ્કી વલ્કીના આંસુ લૂછ્યાં.

એ દિવસે સ્કુલ પૂરી થયા પછી, મિસ પીકાબુ અને નોએલે ક્લાસને બે ગ્રુપમાં વહેંચી દીધો અને શોધખોળ ચાલુ કરી. સલ્કી વલ્કીએ બધાને ટેડીનો ફોટો બતાવ્યો અને પછી નોએલના ગ્રુપમાં જોડાઈ ગઈ.

પાર્ક સુધી જવાના રસ્તા પર એમને રોના મળી, જેણે ઓરીગ્સ અને ઓરીંગ્ટન શહેર બનાવ્યું હતું.

"હેલો નોએલ," આખા ટોળાને નોએલની પાછળ ઊભેલું જોઈને તેણે ઉત્સાહમાં આવીને કહ્યું. "તમે બધા ક્યાં જાવ છો?"

"અમે સલ્કી વલ્કીનો ખોવાયેલ ટેડી બેર શોધવામાં તેની મદદ કરી રહ્યા છીએ."નોએલે જવાબ આપ્યો.

"અરે વાહ ! લાવ, હું પણ તમારી મદદ કરું." બધા ઓરીગ્સને એકબીજાની મદદ કરતા જોઈને રોનાને ખુબ આનંદ થયો.

તેઓએ પાર્કમાં બધી જગ્યાએ તપાસ કરી પણ ટેડી બેર ક્યાંય દેખાયું નહીં.

તેઓ પાછા જતા હતા ત્યારે અચાનક સલ્કી વલ્કીને તળાવ પાસે ઘાસમાં કંઈક પડેલું દેખાયું.

"ઓહ નો ! આ બાર્નીનો કાન છે." સલ્કી વલ્કી ધીમેથી તેને બહાર કાઢવાનો પ્રયત્ન કરવા લાગી.

અચાનક એક કૂતરું એમને પાછળથી ઘૂરકવા લાગ્યું. એણે પાછા વળીને જોયું તો બાર્નીનો બાકીનો ભાગ તેણે મોઢામાં જ પકડેલો હતો.

"મારું બાર્ની !" સલ્કી વલ્કી હતાશ થઈને પોતાના ઘૂંટણીએ બેસી ગઈ. રોના તેને સહારો આપવા દોડી. સલ્કી વલ્કી એક નાના બાળકની જેમ તેને ભેટીને રડવા લાગી.

નોએલે બીજા બધા ઓરીગ્સને ઘરે મોકલી દીધા અને મિસ પીકાબુને પણ કહી દીધું. સલ્કી વલ્કીને રડતી જોઈ નોએલને કંઈક સૂઝયું.

"રોના, તું સલ્કી વલ્કીને ઘરે લઈ જા. હું થોડી વારમાં ત્યાં આવું છું." આટલું કહીને નોએલ ત્યાંથી ફટાફટ નીકળી ગયો.

ખટ! ખટ! ખટ!

રોનાએ સલ્કી વલ્કીના ઘરનો દરવાજો ખોલ્યો. સામે નોએલ હાથમાં બોક્સ લઈને ઉભો હતો.

"આ શું છે?"

"સરપ્રાઈઝ!" કહી નોએલે એ બોક્સ સલ્કી વલ્કીના હાથમાં મૂકયું. વલ્કીએ એ ખોલીને જોયું તો એમાં એક ટેડી બેર હતું.

"આ છે 'એડી', મારું ટેડી બેર." નોએલ બોલ્યો.



સલ્કી વલ્કીએ નોએલનું ટેડી બેર હાથમાં લીધું, 'એડી' બોલતા જ તેના ચહેરા પર સ્મિત આવી ગયું.

"વાહ! આ તો બહુ સુંદર છે!" સુંવાળા મુલાયમ કપડાં પર હાથ ફેરવતા ખુશ થઈને તે બોલી. "તેની આંખો કેવી ચમકે છે!"

પોતાની ફ્રેન્ડને પાછી ખુશ થયેલી જોઈને નોએલે રોનાને આંખ મારી. 'એડી' સાથે રમવામાં સલ્કી વલ્કી એટલી ખુશ હતી કે તે પોતાનું બધું દુઃખ ભૂલી ગઈ. તે એની સાથે રમવામાં જ મશગુલ થઈ ગઈ હતી.

"હવે હું જાઉં." કહી નોએલ જવા ઊભો થયો.

"તારું એડી તો લઈ જા." સલ્કી વલ્કીએ બૂમ પાડી. કહેતા એ ફરી ઉદાસ થઈ ગઈ. "અ...હં... એ આજથી તારું જ છે. હું તને એ ગીફ્ટમાં આપું છું."

"પણ આ તો તારું પ્રિય ટેડી બેર છે," સલ્કી વલ્કી ચોંકીને બોલી.

"હા, પણ મારે એ તને આપવું છે," નોએલે જવાબ આપ્યો. "મારી પાસે રમવા માટે બીજા ઘણાં રમકડાં છે."



સાચે જ ! નોએલનું દિલ બહુ મોટું હતું. બીજા બધા ઓરીગ્સના જેમ તે પણ એનાલીટીકલ (વિચારશીલ) હતો. તે જાણતો હતો કે તેની ફ્રેન્ડને પણ 'એડી' સાથે રમવામાં એટલી જ મઝા આવશે જેટલી તેને આવતી હતી.

"ઓહ ! થેંક યુ !" નોએલની ઉદારતા જોઈને સલ્કી વલ્કી ફરીથી આનંદમાં આવી ગઈ. એ નોએલને ભેટી પડી.

આ બધું જોઈને રોનાની ખુશીનો પણ પાર ના રહ્યો.

"તું તારું પ્રિય ટેડી કેવી રીતે આપી શકે છે ?" તેણે નોએલને પૂછ્યું.

"સીમ્પલ...! તમે જો સાચા દિલથી કોઈને કંઈ આપો તો એનો આનંદ એટલો બધો વધારે હોય છે કે તે વસ્તુ પોતાની પાસેથી જતી રહેવાનું જરાય દુઃખ જ ના લાગે. તું પણ એ અનુભવ કરી જોજે." તેણે શાંતિથી જવાબ આપ્યો.

આ વાત રોનાને સ્પર્શી ગઈ. એને લાગ્યું કે આજે તેને કંઈક નવું શીખવા મળ્યું. આ વિચારથી પ્રેરાઈને, તેણે પોતાના મિત્રોને પાર્ટી આપવાનું જાહેર કર્યું.

મિસ પીકાબુને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે એમને એટલી ખુશી થઈ કે એમણે સ્કુલની અસેમ્બલીમાં તેની જાહેરાત કરી અને નોએલને પુરસ્કાર આપ્યો.

"અને હવે..." મિસ પીકાબુએ કહ્યું, "આ વર્ષનો એક સન્માનિત એવોર્ડ 'ઓરીંગ્ટનનું હૃદય' એવા એક ખાસ વિદ્યાર્થીને જાય છે કે જેણે બધાને નિઃસ્વાર્થ પ્રેમનો સુંદર દાખલો આપ્યો છે. આપણે બધાએ પણ આમાંથી પાઠ લેવો જોઈએ. શું આપણે બધા નોબલ નોએલને તાળીઓથી વધાવીશું નહીં?"

"ઓરીંગ્ટનનું હૃદય"

“ઓરીંગ્ટનનું હૃદય”

એમણે ખુબ ઉત્સાહથી તાળીઓ પાડવા માંડી. આ જોઈ પ્રેક્ષકોએ પણ તાળીઓના ગડગડાટથી નોએલને વધાવી લીધો. નોએલની દીલદારીથી પ્રેરણા પામીને બધાએ તેના માટે ખુબ આનંદ વ્યક્ત કર્યો.

મિસ પીકાબુએ નોએલને "ઓરીંગ્ટનનું હૃદય"નું સર્ટીફીકેટ, એક મેડલ અને એક નવું ટેડી બેર પુરસ્કાર સ્વરૂપે આપ્યા.

આ પછી દર વર્ષે ગેકો હાઈસ્કૂલમાં 'ઓરીંગ્ટનનું હૃદય' દિવસની ઉજવણી થવા લાગી. એ દિવસે બધા બીજા માટે ઉદારતા કે પ્રેમ દર્શાવતું કોઈક કામ જરૂર કરતા.

ગોકો હાઈસ્કુલ

નોબિલીટી (ઉદારતા) એ એક મહાન ગુણ છે, જે નોએલમાં હતો. તેની હૃદયની વિશાળતાના કારણે જ તે પોતાનું સૌથી પ્રિય ટેડી બેર બીજાને આપી શક્યો.

આવા વિશાળ હૃદયી હોવાની પાછળ કઈ સમજણ કામ કરે છે એ જાણવા માટે આ વાર્તા વાંચો.

બુક ઓફ હેપીનેસ

ISBN : 978-93-86321-77-0

Printed in India

₹ 60 (3 બુકનો સેટ)